રાજયની આવાસ યોજનાઓની
ચુકવણાની પધ્ધતિ બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૦/૧૭૬/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૧/૨૦૧૧.

વંચાણે લીધોઃ

(૧) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા. ૨-૩-૦૯.

(૨) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા. ૧૦-૧૧-૨૦૦૯.

(૩) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ, તા.૧૧-૮-૨૦૧૦.

(૪) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરીનો પરિપત્ર ક્રમાંકઃ ગવક/આઇએવાય/લાભાર્થી હપ્તા ચુકવણા/૨૦૧૦-૧૧/૪૬૪૧/૪૬૯૬/૧૦, તા.૧૩-૧૦-૧૦.

ઠ રા વઃ

ગુજરાત રાજયમાં જુદા જુદા વિભાગ ધ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રાજય પુરસ્કૃત, કેન્દ્ર પુરસ્કૃત તેમજ કેન્દ્ર અને રાજય પુરસ્કૃત વિવિધ આવાસ યોજનાઓ અમલમાં છે. વંચાણ-૧ માં જણાવેલ ઠરાવથી રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એકસરખી રાખવા તથા તાલુકાદીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા ઠરાવવામાં આવેલ હતું. વંચાણ-૨ માં જણાવેલ પરિપત્રથી જુદી જુદી યોજનાઓ હેઠળ બનતા આવાસોની યુનિટ કોસ્ટ એકસરખી હોઇ તેના ચુકવણીના તબકકાઓ પણ એકસરખા રાખવા જણાવવામાં આવેલ.

વંચાણ-૧ માં જણાવેલ યોજનાઓનું અમલીકરણ જુદા જુદા વિભાગો હેઠળ ચાલતું હોઇ સબંધિત વિભાગે ચુકવણીના તબકકાઓ અલગ અલગ રીતે નકકી કરેલ હતા. તમામ આવાસ યોજનાઓના ચુકવણીના તબકકાઓમાં એકસુત્રતા જળવાય તે હેતુથી તમામ યોજનાઓમાં ચુકવણાની સમાન પધ્ધતિ દાખલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. વંચાણ-૪ માં લીધેલ પરિપત્રથી ઇન્દીરા આવાસ યોજનાના લાભાર્થીઓને ત્રણ હપ્તામાં ચુકવણી કરવાની પધ્ધતિ મુજબ તે અન્વયે નીચે મુજબની ચુકવણાની પધ્ધતિ નકકી કરવામાં આવે છે.

પ્રથમ હપ્તોઃ રૂ.૨૧,૦૦૦/- (એડવાન્સ તથા પ્લીન્થ લેવલ માટે)
બીજો હપ્તોઃ રૂ.૧૫,૦૦૦/- (લીન્ટલ લેવલે)
ત્રીજો હપ્તોઃ રૂ.૦૯,૦૦૦/- ( બાંધકામ પૂર્ણ થયે)

રાજય સરકારની નીચે નિર્દિષ્ટ યોજનાઓમાં ચુકવણાની આ પધ્ધતિ હવે અમલમાં રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સરદાર આવાસ યોજના | ૬ | અનસુચિત જનજાતિના આદિમજુથના લોકો માટે વ્યકિતગત ધોરણે આવાસો પુરાં પાડવાની યોજના |
| ૨ | ડૉ. આંબેડકર આવાસ યોજના | ૭ | હળપતિ ગૃહનિર્માણ યોજના |
| ૩ | પંડિત દિન દયાલ આવાસ યોજના | ૮ | માછીમાર માટેની આવાસ યોજના |
| ૪ | સફાઇ કામદાર વિકાસ નિગમની ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના | ૯ | અગરીયા માટેની આવાસ યોજનાઓ |
| ૫ | અનસુચિત જનજાતિના ઇસમોને વ્યકિત ગત ધોરણે આવાસ પુરાં પાડવાની યોજના | | |

ઉપરોકત યોજનાઓ માટે આ અગાઉ અલગ અલગ ઠરાવોથી જો કોઇ ચુકવણાની પધ્ધતિ નકકી થયેલ હોય તેને આ ઠરાવની તારીખથી રદ ગણી તેના બદલે આ ઠરાવથી નકકી થયેલ પધ્ધતિને અનુસરવા ઠરાવવામાં આવે છે.

સદરહું ઠરાવ નાણાં વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૩-૧૨-૨૦૧૦ ની નોંધથી મળેલ મંજુરી મુજબ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ.એમ.શેખ)
નાયબ સચિવ,
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નર વ. અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ, ખનીજ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, ખેતી અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મત્સ્યોદ્યોગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ/ વિકસતી જાતિ/આદિજાતિ વિકાસ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખા, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.